# So what?

આ વાક્ય તમે ઘણીવાર સાંભળ્યું હશે, બોલ્યાં હશે પણ, આજે હું આ વાક્યનો એક નવો જ પ્રયોગ કરવાની છું! વિચારો, વિચારો, એવું તો શું થઈ શકે?

બહું મોટા મોટા દુખનો ઈલાજ થઈ શકે છે આ નાનકડા બે શબ્દના વાક્યથી! વિશ્વાસ નથી આવતો ને પણ એ ખરેખર શક્ય છે, હું એક ફિલ્મમાં જોઈને આ શીખી. તમે એક રમત રમો તમારી જાત સાથે. તમને જે કોઈ તમારા ભૂતકાળની ઘટના વારંવાર હેરાન કરતી હોય, દુખ આપતી હોય એને યાદ કરો અને એને ઘાંટો પાડીને કહી દો, સો વૉટ? એમાં શું મોટી વાત છે? જે ઘટવાનું હતું એ ઘટી ગયું, પતી ગયું અને હવે મને એનાથી કોઈ ફરક નથી પડતો! એકની એક ઘટનાનો શોક ક્યાં સુધી મનાવવાનો?




તમે આગિયારમાં ધોરણમાં નાપાસ થયેલા અને તમારે સાયન્સ છોડી કોમર્સ લેવું પડેલું. સો વૉટ? તમે જે છોકરીને દિલ ફાડીને ચાહતા હતા એ રક્ષાબંધને રાખડી બાંધવા આવી અને તમે એને 'ના' ન કહી શક્યા, હજી એ તમને ભાઈ કહે છે અને તમે એ સંબંધ જાળવ્યો છે. સો વૉટ? હજી એ તમને



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

ક્યારેક મળી જાય તો પૂછે છે, 'કેમ છો ભાઈ?' અને એ શબ્દો તમારા હૈયા પર કરવત ફેરવે છે, સો વૉટ? દુનિયાના તમે એ છેલ્લા કે પહેલા માણસ તો નથી જ જેણે આવું દુખ વેઠયું હોય. કેટલાય આવ્યા અને કેટલાય ગયા, સો વૉટ? તમારા બાપુજી તમને સમજી ના શકયા. સો વૉટ? તમે તમારા બાળકોને સમજી લો! તમારી મમ્મીને હંમેશા એ અફસોસ રહ્યો કે કાશ તમારા બદલે ભગવાને એને એક દીકરો આપ્યો હોત, સો વૉટ? તમારી મમ્મી જૂના જમાનાની અને જૂના ખયાલો વાળી હતી એનું આજે શું છે? તમે સાસરીમાં પગ મૂક્યો કે તરત જ તમારા સાસુએ તમને મેણું મારેલું, આ કાળીમાં મારો દીકરો શું જોઈ ગયો! સો વૉટ? ગર્વ લો કે તમારો રંગ નહીં પણ તમારા ગૂણ જોઈને તમારા જિવનસાથીએ તમારી પસંદગી કરી છે! મારો દીકરો મારી પાસે નથી રહેતો, સો વૉટ? ભલું થયું ભાંગી જંજાળ, હવે જલસા કરી લો. હું જે કરવા ધારુ છું એ મારા જીવનમાં ક્યારેય શક્ય બનતું નથી, સો વૉટ? હજી જિંદગી તો તમારી સાથે છે ને, તમે જીવી રહ્યા છો, સાજાસમા છો એ કોઈ ચમત્કારથી કમ છે? આનંદ કરો!

'સો વૉટ..?' આ નાનકડું વાક્ય તમારા જીવનની એ સઘળી દુખદ ઘટનાને, ક્ષણોને કહી દો અને એને જવા દો... યેસ, એને જવા દો. લેટ ઈટ ગો! ક્યાં સુધી તમારી મુઠ્ઠીમાં એ બધુ પકડી રાખશો અને દુખી થયા કરશો? યાદ રાખજો દુખ તમને ક્યારેય નથી બાંધતું તમે જ દુખને બાંધી રાખો છો, તમારી ખાલી મુઠ્ઠીમાં! ખોલી દો એને. જે ઘટનાને યાદ કરીને દુખ મળતું હોય એને યાદ જ શું કરવા કરવાની? સીધી ને સટ વાત છે. જે થઈ ગયું એ સમયમાં પાછા જઈને આપણે કશું જ બદલી નથી શકતા તો એ સમયમાં દુખી થવા વારંવાર પાછાં શા માટે જવાનું?

મારી હજી એટલી ઉંમર નથી થઈ કે હું બધાને કોઈ ઉપદેશ આપી શકું કે મને એમ કરવું ગમતું પણ નથી. જિંદગી જીવવાના મારા કેટલાક વિચિત્ર ફંડા છે અને સાચું કહું તો એ મારા ખૂબ કામમાં આવે છે અને બસ, એ જ મારા લખાણમાં ઉતરી આવે છે.

અમસ્તું,

ભરતઃ નિમલા મારો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો?

નિમેષઃ સો વૉટ?

ભરતઃ તુય ખરો છે યાર! મને દિલાસો આપવાને બદલે કેવી વાત કરે છે?

નિમેષઃ ભરતા... એમાં શું દિલાસો આપવાનો? ખુશ રહે કે તું હજી જીવતો છે અને કોરોના સાથેય સ્વસ્થ છે!

# એસ કે પટેલ સ્કૂલમાં 'રેડ ડે' ઉજવાયો




ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં 'રેડ ડે' ઉજવાયો તેમાં બાળકો અને શિક્ષિકાઓએ ઓનલાઈન રેડ ડે ઉજવ્યો હતો. તેમાં બાળકો પોતાના ઘરમાંથી રેડ કલરની ચીજવસ્તુઓ પોતાના રમકડાં, કપડાં, ફૂટ્સ પણ બતાવીને રેડ કલરની ઓળખ આપી હતી અને તેમાં વાલીએ પણ ભાગ લીધો હતો.

# એસ કે પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં એક્ટિવીટી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ કે જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં એક્ટિવીટી કાર્યક્રમ યોજાયો હતો તેમાં સ્ટ્રેટલાઈન, જમ્પિંગ એક્ટિવીટી, મોન્સ્ટર ફૂટ એક્ટિવીટી જેવી વિવિધ એક્ટિવીટી ઓનલાઈન કલાસમાં કરાવવામાં આવી હતી. જેમાં બાળકો અને વાલીઓનો ખુબ જ સારો સહકાળ મળ્યો હતો.



# પ્રિય પપ્પા...વિશ્વ ફાધર્સ ડે અન્વયે સાહિત્ય સર્જકો પપ્પાને લાડ કરશે




ગાંધીનગર,તા.૧૦

વિશ્વ ફાધર્સ ડે દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે મનાવવામાં આવે છે. ફાધર્સ ડે સેલિબ્રેશન કરવા ગાંધીનગર સાહિત્યસભા દ્વારા વેબિનાર દ્વારા જૂન મહિનાની બેઠક આયોજિત કરવામાં આવી છે.

હાલમાં જ જેઓને કાવ્ય મુદ્રા યુવા પ્રતિભા એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે એવા કવિ ભાવેશ ભટ્ટ, તરન્નુમના અનોખા મિજાજના કવિ પ્રતાપસિંહ ડાભી આ 'પ્રિય પપ્પા...' મહેફિલના મુખ્ય કવિ છે. આ સાથે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે આ મહેફિલમાં સૌ સર્જકોને એમની સ્વરચિત રચનાઓ સાથે હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે. આ મહેફિલનું સંચાલન આકાશવાણી ઉદ્ઘોષિકા નેહલ ગઢવી દ્વારા કરવામાં આવશે. જ્યારે ટેકનિકલ સપોર્ટ ડો. દિશા પોપટ કરશે.

આ બેઠક દરમિયાન ગુજરાતી સાહિત્યની એક અનોખી ક્વિઝનું આયોજન અજય રાવલ દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો અને અન્ય સાહિત્ય પ્રેમીઓને પોતાની ગદ્ય-પદ્ય રચના સાથે શનિવાર સુધી પોતાના નામ નોંધાવી દેવા માટે ઉપ પ્રમુખ કલ્પેશભાઈ પટેલે જણાવ્યું છે. ફાધર્સ ડે નિમિત્તે સર્જકો પપ્પાને લાડ કરશે.


# શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા બાળકો માટેની ચિત્રસ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર,તા.૧૦

કોરોના વાઈરસ સંક્રમણથી




કેટલાંક નાગરિકો ભયભીત પણ છે તો કેટલાક નાગરિકો તેની ગંભીરતા સમજાતી નથી તેથી લોકડાઉન તોડી ઘરની બહાર નીકળી પડે છે. જેના કારણે પોતાની જાત સાથે પોતાના પરિવારને પણ જોખમમાં મૂકે છે. બીજી તરફ એવા પણ નાગરિકો છે જે વાસ્તવિકતાને સ્વીકારીને લોડડાઉનનો ચુસ્તપણે અમલ કરવા સાથે મળેલા ફાજલ સમયનો ઉપયોગ પોતાની સર્જનાત્મકતાને ખીલવવા માટે કરી રહ્યા છે. આવા સમય દરમિયાન તેઓ પોતાના અધૂરા શોખને ફરીથી વિકસાવી આત્મસંતોષ પ્રાપ્ત કરી રહ્યા




છે. આવા સમયે શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા લોકડાઉન દરમિયાન પરિવારના બાળકો માટે સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓથી આ સમય પરિપૂર્ણ રહે તેવા પ્રયત્નના ભાગરુપે શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા બાળકો માટે ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ધોરણ-૩ થી ૫માં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે સૃજય જય ઓઝા, દ્વિતીય નંબરે કાશ્વી અર્પિત ત્રિવેદી અને તૃતીય નંબરે રુદ્ર હાર્દિક જોષી વિજેતા બન્યા હતા. જયારે ૬ થી ૮માં પ્રથમ નંબરે યેશા જિગીશભાઈ ત્રિવેદી, દ્વિતીય નંબરે જુગલ હાર્ધિક જોશી અને તૃતીય નંબરે ઉદિતી ડી દવે વિજેતા બન્યા હતા. આ તમામ વિજેતા બાળકોને શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પ્રમાણપત્રો આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

જયારે નિબંધ સ્પર્ધામાં કોઈ બાળકોએ ભાગ લીધો નહોતો. આ સ્પર્ધાનું આયોજન સંસ્થાના પ્રમુખ વિપિનભાઈ ઓઝા, મંત્રી પ્રશાંતભાઈ ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કારોબારી સભ્યોનો ખુબ જ સાથ સહકાર મળ્યો હતો.

# 'વૈશ્વિક પરિપેક્ષમાં ગાંધીજી અને અન્ય શોધ' ઈ-પુસ્તક વિમોચન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા 'વૈશ્વિક પરિપેક્ષમાં ગાંધીજી અને અન્ય શોધ' લેખક ડૉ ગુલાબચંદ પટેલના હિન્દી ઈ-પુસ્તકનું વિમોચન તારીખ ૧૨ જૂન ૨૦૨૦ના રોજ બપોરે ૧.૩૦ વાગ્યે ઑનલાઈન વિષ્ણુ પંડ્યા સાહેબ અધ્યક્ષ સાહિત્ય અકાંદામી ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે હિન્દી કવિ સંમેલન 'બાલ મજૂરી વિરોધ દિવસ નિમિતે તારીખ ૧૨ જૂન ૨૦૨૦ના રોજ બપોરે બે વાગ્યે આયોજિત કરવામાં આવેલ છે જેમાં પ્રસિદ્ધ સાહિત્યકાર રાજ કુમાર જૈન રાજન ઉપસ્થિત રહેશે અને કવિ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

## ડાયરેક્ટ ❤ સે

કોઈ વ્યક્તિ એવી પણ હોય છે, જે ફક્ત આપણી સામે જ આપણી હોય છે...

## જન્મદિને વધામણી



શ્વેતા શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨



નવલસિંહ ગોહિલ
મો. ૭૮૭૮૯ ૯૫૦૫૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**

# રાધે-રાધે પરિવારની નોંધપાત્ર સેવા પ્રવૃત્તિ









ગાંધીનગર, તા. ૧૦

સમગ્ર વિશ્વભરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે જેથી સમગ્ર જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. આવા કપરા સમયમાં સરકાર પણ પોતાની ફરજ ખુબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. અને સાથે સાથે સરકાર સાથે રહી રાષ્ટ્રસેવામાં અનેક સંસ્થાઓ પણ આગળ આવી અનેક રીતે સેવાઓ આપી રહી છે. જેમાંની ગાંધીનગરમાં કાર્યરત રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા ૨૨ મી માર્ચથી આજ દિન સુધી દરરોજ ૧૧૦૦થી વધુ ગરીબોને સ્વાદિષ્ટ ભોજન પિરસીએ છીએ. જેમાં કોરોના વોરીયર્સ એવા પોલીસ જવાનો, ફાયર બ્રિગેડના જવાનો, મીડિયા કર્મીઓ અને ૧૦૮ના કર્મચારીનો પણ સમાવેશ થાય છે. આગામી દિવસોમાં પણ રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા આ સેવાકીય પ્રવુતી જરૂરીયાત વ્યક્તિઓ માટે જ ચાલુ જ રહેશે. સાથે સાથે અમારા ગ્રૂપ દ્વારા આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો રાખનાર એવા કોરોના વોરીયર્સ એટલે કે પોલીસ જવાનોને માસ્ક, સેનેટાઈઝર અને કાળઝાળ ગરમીમાં બપોરના સમયે છાશ, લીંબુનો શરબતનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર લોકડાઉન દરમિયાન અનેક સેવાકીય પ્રવુતીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સાહેબ (જીગા બાપુ), ડો. વિવેક વાછાણી સાહેબ, વિષ્ણુભાઈ પટેલ, જેવા અન્ય દાતાઓનો ખુબ જ સારો એવો સાથ સહકાર મળ્યો છે.

રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા વર્ષ દરમિયાન અનેક સમાજ ને ઉપયોગી થાય તેવી સેવાકીય પ્રવુતીઓ કરવામાં આવતી હોય છે. પરંતુ અત્યારે આ કોરોનાના કહેર માં લોકડાઉને અમારા ગાંધીનગરને ધીમું પાડી દીધું છે. પણ અમારી સેવાની ભાવના ધીમી નથી પડી. અમારા ગ્રૂપના તમામ મિત્રોનુ કહેવું છે કે 'શહેર બંધ હૈ... હમારી સેવાયે નહીં.'

અમે સૌ હર હંમેશ સરકાર સાથે ઉભા રહી માનવ કલ્યાણ ના કામ કરતા રહીશુ. અત્યાર સુધી માં કુલ અંદાજીત ૧,૦૩,૪૬૦ જરૂરીયાત મંદ લોકોને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં સફળ રહ્યા છીએ. આ સેવાકીય કાર્ય રાધે-રાધે પરીવાર ગ્રુપ ના તન્મય પટેલ, રાહુલ સુખડીયા, દિપક વ્યાસ, કૌશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી, રવી પટેલ, શુભમ સુખડીયા, ઉમંગ પટેલ, સાહિલ પટેલ,, રાજગોર વિકાસ, હિમાંશુ પટેલ, બીપીન પટેલ, લક્ષ્મણજી ગોહિલ, ટીનાભાઈ ચૌધરી જેવા મિત્રો ના સાથ અને સહકાર દ્વારા કાર્ય કરવામાં આવ્યું હતું.

# એશિયામની દ્વારા એચડીએફસી બેંકને ભારતની શ્રેષ્ઠ ડોમેસ્ટિક બેંક જાહેર કરવામાં આવી

**બેંકે તેના બિઝનેસમાં એકંદર રીતે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ અત્યંત પ્રતિષ્ઠિત પુરસ્કાર જીતી લીધો**

અમદાવાદ, તા. ૧૦

એશિયામની બેસ્ટ બેંક એવોર્ડ્સ ૨૦૨૦માં એચડીએફસી બેંકને 'શ્રેષ્ઠ ડોમેસ્ટિક બેંક'ના પુરસ્કારથી નવાજવામાં આવી છે. એચડીએફસી બેંકને તેના બિઝનેસમાં એકંદર રીતે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ ભારતની ટોચની બેંકનો ખિતાબ આપવામાં આવ્યો છે.

પોતાના મૂલ્યાંકનમાં આ સામયિકે પોતાની વેબસાઈટ પર લખ્યું છે કે, - 'ઘણાં લાંબા સમયથી સેવા આપી રહેલા આદિત્ય પુરી આ વર્ષે ઑક્ટોબર મહિનામાં પોતાનો પદભાર છોડવાના છે અને તેમના અનુગામીની શોધખોળ ચાલું થઈ ગઈ છે. શ્રી પુરી સૌ કોઈને ઈર્ષા આવે તેવી લાંછનરહિત સાખ, સુદ્રઢ નાણાકીય સ્થિતિ અને કૉર્પોરેટ ગવર્નન્સના શ્રેષ્ઠ માપદંડોનો વારસો છોડીને જઈ રહ્યાં છે.'

હોંગકોંગ સ્થિત આ નાણાકીય સામયિકના વાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવતાં શ્રેષ્ઠ બેંકના સરવેનો ઉદ્દેશ્ય એશિયા-પેસિફિકમાં કઈ બેંકએ છેલ્લાં ૧૨ મહિના દરમિયાન બેંકિંગ પ્રવૃત્તિઓની શ્રૃંખલામાં ઉત્કૃષ્ટ કાર્યદેખાવ કર્યો છે, તેને ઓળખી કાઢવાનો છે.

યુરોમનીના સંપાદકની અધ્યક્ષતા હેઠળની વરિષ્ઠ પત્રકારોની ટીમ તથા અમારી સંપાદકીય સમિતિ દ્વારા બેંકિંગ અને કેપિટલ માર્કેટમાં સંશોધન હાથ ધરીને એશિયામનીના એવોર્ડ સંબંધિત નિર્ણયો લેવામાં આવ્યાં હતાં. અગ્રણી બેંકરોને મળવા તથા ક્લાયેન્ટ્સ અને સ્પર્ધકો પાસેથી પ્રતિભાવ મેળવવા માટે વરિષ્ઠ સંપાદકોએ પ્રત્યેક દેશ અથવા પ્રદેશની મુલાકાત લીધી હતી.

આ સામયિકે પોતાના સંપાદકીયમાં લખ્યું હતું કે, 'એચડીએફસી બેંકે ડિસેમ્બર ૨૦૧૯માં પૂર્ણ થયેલાં નવ મહિના માટે અસ્કયામતો પર ૧.૫૧%નું વળતર આપ્યું હતું, જે વર્ષ ૨૦૧૮ના આ સમાન સમયગાળામાં ૧.૩૯% હતું. સમાન સમયગાળા માટે તેનો નોન-પર્ફોમિંગ એસેટ ગુણોત્તર ૦.૪૨%થી નજીવો વધીને ૦.૪૮% થયો હતો, જોકે, તે તેના સમકક્ષોની સરખામણીએ ઘણો નીચો છે. ચોખ્ખી આવક અને ચોખ્ખા નફામાં અનુક્રમે ૨૧.૫%નો અને ૨૭.૨%નો વધારો થયો હતો, જ્યારે વર્ષ ૨૦૧૯માં તેના શૅરના મૂલ્યમાં ૨૦%નો ઉછાળો જોવા મળ્યો હતો.' આ સામયિકે આગળ ઉમેર્યું હતું કે, 'ગત વર્ષની સરખામણીએ નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓના ડીફોલ્ટ દ્વારા અને ત્યારબાદ તરલતાની ખેંચ દ્વારા પ્રેરિત આ વર્ષના અસ્થિર માહોલમાં પણ એચડીએફસીની રોકાણ બેંકિંગ ફ્રેન્ચાઈઝી સતત વૃદ્ધિ પામી રહી છે.'